# બહુ બહુ તો બેઠક બદલાશે, બાકી પુરુષોત્તમ રૂપાલાના સફળ રાજકિય ભવિષ્યને કોઇ બદલી શકશે નહી

**જ્યોતિષશાસ્ત્રની કુંડળી**

★નિલેશ મોદી




ઈન્ટરનેટ પરથી પ્રાપ્ત માહિતી અનુસાર પુરષોત્તમભાઈ રૂપાલાની જન્મ તારીખ 1 ઓક્ટોબર 1954 છે. એમની કુંડળીમાં જન્મતારીખ  મુજબ તુલા રાશિ છે. ચંદ્ર તુલા રાશિમાં હોવાથી અને યોગ કારક ગ્રહ શની ઊંચનો હોવાથી આ કુંડળી ખૂબ જ બળવાન બને છે. આ કુંડળીમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી ગુરુ 10 માં સ્થાનમાં ઊંચનો થાય છે જેથી કરીને સમાજસેવા અને રાજનીતિમાં પ્રગતિ થાય એ સ્વાભાવિક છે. અહીં ચંદ્ર વિશાખા નક્ષત્રમાં છે અને વિશાખા નક્ષત્રનો સ્વામી ગુરુ ઉચ્ચ અવસ્થામાં છે જે આ કુંડળીને ખૂબ જ બળવાન બનાવે છે. રાહુ અને મંગળની યુતી ત્રીજા સ્થાનમાં છે જે ઘણી વખત માણસને સાહસિક બનાવે છે. આ યુતિને કારણે વ્યક્તિ અણધાર્યું સાહસ પણ કરી શકે. બુધ અને શુક્ર એક જ ભાવમાં હોવાથી લક્ષ્મીનારાયણ યોગ પણ બને છે. જન્મતારીખ મુજબ મૂલાંક 1 અને ભાગ્યાંક ત્રણ છે, જે અનુક્રમે સૂર્ય અને ગુરુ ભગવાનના નંબર છે. સૂર્ય પ્રતિષ્ઠા આપે છે અને રાજકારણમાં આગળ વધારે છે. ત્રીજા ભાવમાં બેઠેલો રાહુ પણ રાજનીતિ માટે શુભ છે.

અહીં શનિ ભગવાન પાંચમા સ્થાનના સ્વામી થઈને ઉચ્ચ અવસ્થામાં છે અને ગુરુ ભગવાન પણ ઉચ્ચ અવસ્થામાં છે જેથી કરીને એમણે (B.SC. અને B.ED.)ખૂબ સારું એજ્યુકેશન મેળવેલું છે. શરૂઆતમાં એમણે 1982 સુધી સ્કૂલના પ્રિન્સિપલ તરીકે કામ કર્યું હતું . 1983 માં એમણે અમરેલી મહાનગરપાલિકામાં પદ મેળવ્યું હતું. પછી ધીમે ધીમે સમાજસેવા તથા રાજનીતિમાં આગળ વધ્યા. 1988 માં અમરેલી ડિસ્ટ્રિક્ટ BJPમાં પ્રેસિડેન્ટ બન્યા. 2016 માં ફરી પાછા રાજ્યસભામાં ચૂંટાયા.

આ કુંડળીમાં ગોચરના ગ્રહો મુજબ બીજા સ્થાનનો સ્વામી મંગળ છે. અહીં મંગળ વાણીના સ્થાનનો સ્વામી છે. માર્ચ અને એપ્રિલ 2024 માં શનિ ભગવાન સાથે મંગળ યુતીમાં છે અહીં સની મંગળની યુતી હોવાથી બોલવામાં ચૂક થાય અને ચર્ચાનો વિષય બની જાય. એપ્રિલ મહિનાની 22 તારીખ પછી મંગળ અને રાહુની યુતી ચંદ્રથી છઠ્ઠા સ્થાનમાં થાય છે જેને કારણે પોતાનું પદ જાળવી રાખવામાં તકલીફ પડે. મંગળ ભગવાનની સની ભગવાન અને રાહુ સાથેની યુતી અહીં ચિંતા કારક સાબિત થઈ શકે છે. આ યુતીને કારણે તંદુરસ્તીની સમસ્યા પણ થઈ શકે. વિરોધી તત્વો આ પરિસ્થિતિનો લાભ પણ લઈ શકે છે. ગોચર નો શનિ ચંદ્રથી પાંચમા સ્થાનમાં છે. જેની સીધી દ્રષ્ટિ 11 મા સ્થાન પર

**શરૂઆતમાં એમણે 1982 સુધી સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે કામ કર્યું હતું . 1983 માં એમણે અમરેલી મહાનગરપાલિકામાં પદ મેળવ્યું હતું. પછી ધીમે ધીમે સમાજસેવા તથા રાજનીતિમાં આગળ વધ્યા**

સિંહ રાશિ ઉપર પડે છે. જેથી કરીને એમની સામાજિક અને રાજકિય પ્રતિષ્ઠાને નુકસાન પહોંચી શકે છે. 15 માર્ચ 2024 થી 15 એપ્રિલ 2024 ની વચ્ચેના સમયમાં સૂર્ય અને રાહુની યુતિ આઠમા સ્થાનમાં હતી. આઠમી એપ્રિલે સૂર્યગ્રહણ




પણ હતું. આ સમય દરમિયાનમાં જાહેર જીવનમાં એમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચે એવી શક્યતા હતી. આવા સંજોગોમાં શનિ ભગવાન અને મંગળ ભગવાન સંબંધી ઉપાયો કરવા સલાહભરેલું છે.

એમનું નામ પુરુષોત્તમ ભાઈ હોવાથી આપણે કન્યા રાશિથી ગોચરના ગ્રહોનું ભ્રમણ જોઈએ અને જ્યોતિષશાસ્ત્ર મુજબ ફળ કથન કરીએ તો માર્ચ એપ્રિલ 2024 માં શની મંગળની યુતી ચંદ્રથી છઠ્ઠા સ્થાનમાં થાય છે. જેથી છઠ્ઠું સ્થાન દૂષિત થવાથી પોતાનું પદ ટકાવી રાખવામાં મુશ્કેલી પડે. પરંતુ 24 એપ્રિલ 2024 સુધી ભાગ્ય સ્થાનનો સ્વામી શુક્ર ઉચ્ચ અવસ્થામાં છે જે એમને સહાયતા કરશે. 23 એપ્રિલ 2024 થી 30 એપ્રિલ 2024ની વચ્ચે મંગળ અને ગુરુનો પરિવર્તન યોગ થાય છે. સૂર્ય 15 એપ્રિલ 2024 થી 15 મે 2024 ની વચ્ચે ગુરુ સાથે યુતિમાં અને ઉચ્ચ અવસ્થામાં છે. આ સમય દરમિયાનમાં ગોચરનો ચંદ્ર પણ તુલા રાશિથી મકર રાશિની વચ્ચે ભ્રમણ કરે છે. જેથી કરીને ગ્રહોની આ પરિસ્થિતિ એમને માટે સહાયક છે. આ પરિસ્થિતિમાં મુશ્કેલીમાંથી બહાર નીકળી જાય એવી શક્યતા પણ છે. સરવાળે આખી પરિસ્થિતિનો અભ્યાસ કરતા એમ જણાય છે કે પુરુષોત્તમ રૂપાલા સફળતાપૂર્વક અને હળવાશથી આ પરિસ્થિતિમાંથી બહાર નીકળશે. ઘણા બધા નાટકીય પરિવર્તન જોવા મળશે.

અહીં રાહુ અને મંગળના ગોચરને કારણે જગ્યા પરિવર્તન પણ જોવા મળે છે.  તો રાજકોટને બદલે બીજા કોઈ મુકામેથી રૂપાલા સાહેબને ટિકિટ મળે એવું પણ શક્ય છે પરંતુ સાથે સાથે એ પણ વાત મહત્ત્વની છે કે જનમની કુંડળીમાં ઊંચનો ગુરુ છઠ્ઠા સ્થાનનો સ્વામી થઈને 10 મી બેઠેલો છે જે એમને દરેક વખતે પુષ્કળ મદદ કરશે અને એમના વિરોધીઓ ને શાંત પાડશે. ચોથા અને પાંચમા સ્થાનનો સ્વામી શનિ પણ ઉચ્ચ અવસ્થામાં છે જે પણ અહીં યોગકારક છે એટલે કે ખૂબ જ શુભ ફળ આપે છે.

---

# અમેરિકા અને ભારતીય વિદ્યાર્થીઓ

**અમેરિકા વિઝા ગાઈડ**

★ ડો. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)




મારે કોઈ પણ ભારતીય વિદ્યાર્થી અમેરિકાની યુનિવર્સિટીમાં ભણવા માટે નોન-ઈમિગ્રન્ટ શ્રેણીના ‘F-1’ સંજ્ઞા ધરાવતા વિઝા મેળવવા કૉન્સ્યુલેટમાં જાય છે ત્યારે એના મનમાં, એ ભલે ગમે તેટલો હોંશિયાર હોય, તે છતાં ફફડાટ હોય છે. એને એ વાતની બીક હોય છે કે ઈન્ટરવ્યૂમાં એને શું પૂછવામાં આવશે? એના કેવા જવાબોની અપેક્ષા રખાય છે? એને વિઝા મળશે કે નહીં?

સ્ટુડન્ટ વિઝાના દરેકેદરેક અરજદાર વિદ્યાર્થીએ એક વાત બરાબર સમજી લેવી જોઈએ કે કોન્સ્યુલર ઓફિસરો એમના દુશ્મન નથી હોતા. તેઓ અમેરિકાથી ભારત ખાસ વિઝા આપવા માટે આવ્યા હોય છે. જો વિઝા આપવા જ ન હોય તો તેઓ લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ કરીને ભારતમાં પાંચ-પાંચ કોન્સ્યુલેટની ઓફિસો શા માટે ખોલતે? છેક અમેરિકાથી કોન્સ્યુલર ઓફિસરને શા માટે ભારતમાં બોલાવતે?  9/11ના આતંકવાદીઓ અમેરિકામાં એક વિદ્યાર્થી તરીકે જ પ્રવેશ્યા હતા. એમણે કોઈએ કલ્પ્યું ન હોય એવું કાર્ય, અમેરિકાના નાક સમા ન્યૂયોર્કમાં આવેલ વિશ્વના સૌથી ઊંચા વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બે ટાવરો ધ્વસ્ત કર્યા હતા. એના કારણે સેંકડો લોકો મૃત્યુ પામ્યા હતા. હજારો ઘાયલ થયા હતા. નુકસાની તો પારાવાર થઈ હતી. આ કારણસર જ્યારે કોઈ પણ પરદેશી સ્ટુડન્ટ વિઝાની માગણી કરે છે ત્યારે કોન્સ્યુલર ઓફિસરો એમની ઊંડાણપૂર્વક ચકાસણી કરે છે કે એ અરજદાર ખરેખર અમેરિકામાં ભણવા જવા ઈચ્છે છે કે ભણવાના બહાને અમેરિકામાં ઘૂસવા ઈચ્છે છે અને ત્યાં કંઈક ગેરકાયેદસર પ્રવૃત્તિ કરવા ચાહે છે, અમેરિકાને નુકસાન પહોંચાડવા માંગે છે.  ભારતીય વિદ્યાર્થીઓ જેઓ ખરેખર ભણવાનો જ ઈરાદો ધરાવતા હોય એમણે કોન્સ્યુલર ઓફિસરોથી ગભરાવાની બિલકુલ જરૂર નથી. એમનું નામ પોકારવામાં આવે એટલે એમણે કોન્સ્યુલર ઓફિસર પાસે જઈને, એમની અને ઓફિસરની વચ્ચે જે કાચની દીવાલ હોય ત્યાંથી, ઊભા ઊભા સ્મિત આપીને ઓફિસરને ‘ગુડ મોર્નિંગ’ યા ‘ગુડ આફ્ટરનૂન’ કહેવું જોઈએ. ઓફિસર જોડે આઈ કોન્ટેક્ટ કરવો જોઈએ. મુખ ઉપર બિલકુલ ગભરાટ આવવા દેવો ન જોઈએ. ઓફિસર જે સવાલ પૂછે એના સાચા જવાબો, બને એટલા સંક્ષિપ્તમાં આપવા જોઈએ. કોઈ સવાલ ન સમજાય તો ‘પારડન મી’ કહીને એ પાછો જણાવવાની રિક્વેસ્ટ કરવી જોઈએ. ઓફિસર જોવા માગે ત્યારે જ સાથે લઈ ગયેલા દસ્તાવેજો એમને દેખાડવા જોઈએ. એ દસ્તાવેજો જાતે

**આ ઓફિસરોએ એવું ધારી લેવું પડે છે કે તમે અમેરિકા ભણવા જવા નથી ઈચ્છતા પણ ભણવાના બહાને એમના દેશમાં પ્રવેશવા ચાહો છો. આથી તમારે એમને ખાતરી કરાવી આપવી પડશે કે તમે ખરા અર્થમાં એક વિદ્યાર્થી છો અને અમેરિકા જવા પાછળનો તમારો ઉદ્દેશ ફક્ત ને ફક્ત ત્યાં પ્રાપ્ત થતું શિક્ષણ મેળવવાનો જ છે**

દેખાડવાની ઉત્કંઠા કરવી ન જોઈએ.

પહેરવેશ એક વિદ્યાર્થીને શોભે એવો જ પહેરવો જોઈએ. ખમીસનાં ઉપલાં બટનો ખુલ્લાં રાખવાં ન જોઈએ. ગળામાં ચેન કે હાથમાં કડું અને વીંટીઓ અને યુવતીઓએ ઘરેણાંનો ઠઠારો કરવો ન જોઈએ. બની શકે તો ઘરેણાં પહેર્યા સિવાય જશો તો એ ઉચિત ગણાશે. ઘરેણાં ઓફિસરનું ધ્યાન ખેંચે છે અને એમના કાર્યમાં વિક્ષેપ પડે છે.  આ ઓફિસરોએ એવું ધારી લેવું પડે છે કે તમે અમેરિકા ભણવા જવા નથી ઈચ્છતા પણ ભણવાના બહાને એમના દેશમાં પ્રવેશવા ચાહો છો. આથી તમારે એમને ખાતરી કરાવી આપવી પડશે કે તમે ખરા અર્થમાં એક વિદ્યાર્થી છો અને અમેરિકા જવા પાછળનો તમારો ઉદ્દેશ ફક્ત ને ફક્ત ત્યાં પ્રાપ્ત થતું શિક્ષણ મેળવવાનો જ છે.  સ્ટુડન્ટ વિઝાના અરજદારોને કોન્સ્યુલર ઓફિસરો સામાન્ય રીતે પૂછે છે કે, ‘‘તમે કેટલી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે અરજી કરી હતી? કેટલીએ પ્રવેશ આપ્યો છે? જે યુનિવર્સિટીમાં ભણવા માટે વિઝાની અરજી કરી રહ્યા છો એ યુનિવર્સિટીમાં એવું શું છે, જેથી તમે એમાં જ ભણવા જવાનો ઈરાદો ધરાવો છો? તમારી પાસે ટ્યુશન ફી અને અન્ય ખર્ચા કરવાની ત્રેવડ છે? અમેરિકામાં તમારું કોઈ સગુંવહાલું છે? કોઈએ તમારા માટે ગ્રીનકાર્ડનું પિટિશન દાખલ કર્યું છે? આ પહેલાં તમે અમેરિકાના કોઈ પણ પ્રકારના વિઝા માટે અરજી કરી હતી? વિઝા આપવામાં આવ્યા હતા? જો વિઝા મળ્યા હોય તો અમેરિકામાં કેટલા દિવસ રહ્યા હતા? શું શું કર્યું હતું? શું શું જોયું હતું? તમારી સાથે કોણ હતું? તમે જે વિષયમાં અમેરિકામાં અભ્યાસ કરવા ઈચ્છો છો એ વિષય તમારા દેશમાં શીખવાડવામાં નથી આવતો? તમે અમેરિકામાં જ ભણવા માટે શા માટે વિચાર્યું છે? શા માટે કેનેડા, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર કે વિશ્વના બીજા દેશોમાં ભણવા નથી જતા? અમેરિકામાં ઓન કેમ્પસ કામ કરવાની ઈચ્છા ધરાવો છો? શનિ-રવિ અને રજાઓમાં શું કરશો? વેકેશન દરમિયાન તમારો પ્લાન શું હશે? તમને જે ફાઈનાન્સ કરે છે એ તમારાં માતા-પિતા, ભાઈઓ કે અન્ય સગાંવહાલાંઓ શું કરે છે? એમની વાર્ષિક આવક શું છે? તેઓ IT રિટર્ન્સ ફાઈલ કરે છે? તમારો અભ્યાસ પૂરો થયા પછી તમે શું કરવા માગો છો? મને એક એવું કારણ આપો, જેથી મને ખાતરી થાય કે અભ્યાસ પૂરો થયા પછી તમે ભારતમાં પાછા જશો?’’  સામાન્ય રીતે કોન્સ્યુલર ઓફિસરો આટલા બધા સવાલો પૂછતા નથી. આમાંના બે-ચાર-છ સવાલો પૂછીને તમારી સચ્ચાઈ વિશે ખાતરી થાય એટલે તમને વિઝા આપી દે છે. કોઈક જ વાર કોઈ વિદ્યાર્થીની ઊંડાણપૂર્વક ઊલટતપાસ લે છે અને ઉપર જણાવેલ સવાલ ઉપરાંત અન્ય પણ એવા સવાલો પૂછે છે, જેને શિક્ષણ સાથે કંઈ પણ લેવાદેવાનું ન હોય. એકંદરે જો તમે ખરેખર સાચા અર્થમાં વિદ્યાર્થી હશો અને અમેરિકામાં ભણવા માટે જ જવા ઈચ્છતા હશો તો તમને સ્ટુડન્ટ વિઝા મેળવવામાં તકલીફ નહીં પડે.  અમેરિકાની જે મુખ્ય 10 યુનિવર્સિટીઓ છે, જેમાં ભણવાનું આપણા ભારતીય વિદ્યાર્થીઓ પસંદ કરે છે એ યુનિવર્સિટીઓ વિશે જાણકારી હવે પછીના અઠવાડિયામાં આપવામાં આવશે.